ગાંધીનગર સમાચાર

સે. ૬માંથી ડેન્ગ્યુ ફેલાવતા મચ્છરોના વ્યાપક પ્રમાણમાં પોરા મળ્યા

# જૂના સેક્ટરોમાં વરસાદી ઝાપટું

## આખો દિવસ ઘેરાયેલા વાદળો સાંજે જુના સેક્ટરોમાં વરસ્યા : નવા સેક્ટરો કોરા ધાકોર





ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર શહેરના જુના સેક્ટરો અને આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં સાંજે વરસાદી ઝાપટુ પડતા વસાહતીઓ ખુશખુશાલ થઈ ગયા હતા. જો કે મેઘરાજા પક્ષપાતી વલણ ધરાવતા હોય તેમ નવા સેક્ટરોમાં છેક મોડી સાંજ સુધી વરસાદનો છાંટોય ના પડ્યો.

છેલ્લા બે દિવસથી બંધાઈ રહેલા વરસાદી માહોલથી ગાંધીનગરવાસીઓ ખુશખુશાલ બની ગયા છે. આજે સવારથી જ આકાશમાં વાદળો ઘેરાયેલા નજરે ચઢતા હતા. બપોર બાદ વાદળોનો ઘેરાવો વધતા ધોધમાર વરસાદની આશા જીવંત બની હતી. હમણા વરસાદ પડશે, હમણા વરસાદ પડશે તેવુ લાગતુ હતુ. વરસાદની આશા રાખીને બેઠેલા નગરજનોમાંથી કેટલાક ખુશ થયા હતા તો કેટલાક નિરાશ બન્યા હતા. કારણ કે મેઘરાજા પક્ષપાતી વલણ અપનાવતા હોય તેમ જુના સેક્ટરોમાં બપોર બાદ વરસ્યા હતા. પેથાપુર, રાંધેજા સહિતના આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં પણ વરસાદ વરસ્યો હતો. વરસાદનું આગમન થતા જુના સેક્ટરોના નગરજનો ખુશખુશાલ બની ગયા હતા. જુના સેક્ટરોમાં જ્યારે વરસાદ પડી રહ્યો હતો ત્યારે નવા સેક્ટરોમાં છાંટોય પડ્યો ન હતો. નવા સેક્ટરો સાવ કોરાધાકોર રહ્યા હતા. નવા સેક્ટરના વસાહતીઓ મોડી સાંજ સુધી વરસાદની આશા રાખીને બેસી રહ્યા હતા. ગાંધીનગર આસપાસના કેટલાક વિસ્તારોમાં પણ સારો એવો વરસાદ પડ્યો હતો. આગામી એકાદ-બે દિવસમાં સારો એવો વરસાદ પડશે તેવી નગરજનો અપેક્ષા રાખી રહ્યા છે. વરસાદ પડતા તાપમાનમાં ઘટાડો થયો હતો. લગભગ છ ડિગ્રી જેટલો પારો ગગડતા મહત્તમ તાપમાન ૩૩.૮ ડિ.સે. નોંધાયું હતુ. જ્યારે લઘુત્તમ તાપમાન ૨૯.૦ ડિ.સે. રહ્યુ હતુ. ભેજ સવારે ૭૦ ટકા અને સાંજે ૬૮ ટકા રહ્યો હતો.

## માણસામાં દોઢ ઈંચ વરસાદ : ખરણામાં વીજળી પડતાં એક પશુનુ મોત નીપજ્યુ

### ગાંધીનગર જીઆઈડીસી, કોલવડા, પેથાપુર, નારદીપુર, વેડા, પલિયડમાં પણ છુટોછવાયો વરસાદ નોંધોયો : જીઆઈડીસીમાં પાણી ભરાતા વાહન વ્યવહારને અસર

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકામાં આજે બપોરે ૩૫ મિ.મિ. જેટલો વરસાદ નોંધાતા માણસા પંથકના વાતાવરણમાં બદલાવ આવ્યો હતો. આ ઉપરાંત કલોલ અને ગાંધીનગર તાલુકાના કેટલાક ગ્રામ્ય વિસ્તારોમાં પણ છુટો છવાયો વરસાદ નોંધાયાના અહેવાલો છે.

જિલ્લામાં ચોમાસાનું આમ તો વિધિવત્ આગમન થઈ ચુક્યુ કહેવાય તેવુ કેટલાક લોકો માની રહ્યા છે. આજે માણસામાં વરસાદની સાથે ખરણા ગામે વીજળી પડતાં એક ભેંસનું મોત થયાના અહેવાલો પણ છે.

ગાંધીનગર જિલ્લામાં બે દિવસ પૂર્વે પ્રિ.મોન્સુન એક્ટીવીટીને લઈ ગાંધીનગર અને માણસામાં અનુક્રમે ૨ અને ૩ મિ.મિ. જેટલો વરસાદ નોંધાયો હતો જે ઉલ્લેખનીય છે. આજે માણસામાં પડેલા ૩૫ મિ.મિ. વરસાદ સાથે આ સિઝનમાં માણસા તાલુકામાં અત્યાર સુધીમાં ૩૮ મિ.મિ. વરસાદ નોંધાયો છે.

જિલ્લામાં આ વખતે સારો વરસાદ થવાનું પૂર્વાનુમાન છે. આજે સવારથી જ વાદળછાયુ વાતાવરણ રહ્યુ હતુ. બપોરના સમયે ઉકળાટ અને ભફારો પણ ભારે જોવા મળતો હતો. જો કે બપોરે બે વાગ્યાની આસપાસ માણસા સહિત ગાંધીનગર કલોલ તાલુકાના ગામડાઓમાં છુટો છવાયો વરસાદ નોંધાયો હતો.

ગાંધીનગર તાલુકાના પેથાપુરમાં તેમજ ગાંધીનગર જીઆઈડીસી વિસ્તારમાં, કોલવડા પંથકમાં વરસાદ નોંધાયો હતો. જીઆઈડીસીમાંતો વરસાદના આગમનને લઈ માર્ગો પર પાણી ભરાઈ જવા પામ્યા હતા. પોણો કલાક સુધી આ વરસાદ ચાલ્યો હતો.

કલોલ તાલુકાના વેડા, પલીયડ, નારદીપુર વિસ્તારમાં પણ છુટોછવાયો વરસાદ નોંધાયા હોવાના અહેવાલો છે. જો કે વરસાદ સાર્વત્રિક નહિ થયો હોવાથી તેના અહેવાલોને સત્તાવાર સમર્થન પ્રાપ્ત થયેલ નથી.

## ગાંધીનગરનું ગૌરવ બનતા ડૉ. નિહાર કાથરાણી

### ઓલ ઈન્ડિયા લેવલની ન્યુરો રેડિયોલોજીની માત્ર ત્રણ બેઠક પૈકી એક પર ડો. નિહારની પસંદગી

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગરના યુવા તબીબ ડૉ. નિહાર કાથરાણીએ ઓલ ઈન્ડિયા લેવલની ન્યુરો રેડિયોલોજીની માત્ર ત્રણ બેઠક પૈકીની એક બેઠક પર નેશનલ ઈન્સ્ટિટ્યુટ ફોર મેન્ટલ હેલ્થ એન્ડ ન્યુરો સાયન્સ (NIMHANS) બેંગ્લોર ખાતે પ્રવેશ મેળવી ગાંધીનગરનું ગૌરવ વધાર્યું છે.



ગાંધીનગરના યુવા રેડિયોલોજીસ્ટ ડૉ. નિહાર કાથરાણીએ નેશનલ ઈન્સ્ટિટ્યુટ ફોર મેન્ટલ હેલ્થ એન્ડ ન્યુરો સાયન્સ, બેંગ્લોર ખાતે ચાલતા ન્યુરો રેડિયોલોજીના અભ્યાસક્રમમાં પ્રવેશ માટે અઘરી ગણાતી પ્રવેશ પરીક્ષા આપી હતી. જેમાં તેઓ સીલેક્ટ થયા છે.

અગત્યની બાબત એ છે કે આ કોર્સની માત્ર ત્રણ બેઠકો છે. જે પૈકી એક પર ડૉ. નિહારે પ્રવેશ મેળવ્યો છે. પ્રથમ પ્રયત્ને જ તેઓએ જવલંત સફળતા મેળવી ગાંધીનગરનું નામ રાષ્ટ્રીય કક્ષાએ પહોંચાડ્યુ છે. આ કોર્સમાં પ્રવેશ મેળવનાર તેઓ ગુજરાતના એક માત્ર રેડિયોલોજીસ્ટ છે. આ અગાઉ પણ તેઓએ ઓલ ઈન્ડિયા પીજી એન્ટ્રન્સ એક્ઝામ પ્રથમ પ્રયત્નો પાસ કરી રેડિયોલોજીમાં પ્રવેશ મેળવ્યો હતો.

## સે. ૬માંથી ડેન્ગ્યુ ફેલાવતા મચ્છરોના વ્યાપક પ્રમાણમાં પોરા મળ્યા

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર શહેરના સે. ૬માં ૧૨ જેટલી કન્સ્ટ્રકશન સાઈટો પરથી મોટી સંખ્યામાં ડેન્ગ્યુ ફેલાવતા એડીસ મચ્છરોના પોરા મળી આવતાં તંત્રએ

**૧૨ કન્સ્ટ્રકશન સાઈટોને તંત્રએ નોટીસ ફટકારી**

૧૨ કન્સ્ટ્રકશન સાઈટના સંચાલકોને નોટીસ આપી છે.

આજે ગાંધીનગર શહેરી મેલેરિયાની ટીમ બાયોલોજીસ્ટ એન.આઈ. પટેલના નેતૃત્વમાં ચકાસણી માટે સે. ૬માં હતી ત્યારે આ કન્સ્ટ્રકશન સાઈટોના

● અનુસંધાન પાન-૭ પર

### ડેન્ગ્યુને નોટીફાઈડ યાદીમાં સમાવેશ કરતુ આરોગ્ય તંત્ર, હવે દર્દીની જાણ તંત્રને તબીબે કરવી પડશે

ગાંધીનગર, તા. ૨૨

એડીસ મચ્છરથી ફેલાતા ડેન્ગ્યુના રોગને ભારત સરકારે નોટીફાઈડ રોગ જાહેર કરતાં હવે પછી આ રોગના દર્દીઓની જાણ મેલેરિયા અધિકારીને તમામ તબીબોએ કરવાની રહેશે. આ ઉપરાંત ભારત સરકારની ગાઈડલાઈન મુજબની સરવાર કરવાની રહેશે. ડેન્ગ્યુ એ વાહકજન્ય રોગ છે. આ રોગના દર્દીઓની સંખ્યામાં સતત વધારો છેલ્લા દસકામાં થઈ રહ્યો છે. જ્યારે મેલેરિયાના કેસોમાં ઘટાડો થતો જોવા મળી રહ્યો છે. ભારત સરકારના આરોગ્ય મંત્રાલયે આ અંગેના કરેલા જાહેરનામા બાદ હવે રાજ્ય સરકારે પણ આ અંગેના અમલ માટેની જરૂરી સૂચનાઓ આરોગ્યતંત્રના અધિકારીઓને આપી દીધી હોવાનું જાણવા મળેલ છે.

# શહેરના ટોપર્સ : એ-૧ ગ્રેડ પ્રાપ્ત કરતા તેજસ્વી તારલા





## ધોરણ-૧૧ સેમેસ્ટર-૨માં એ-વન ગ્રેડ ધરાવતા વિદ્યાર્થીઓ

| વિદ્યાર્થીનુ નામ | શાળાનુ નામ | મેળવેલ ગુણ |
|---|---|---|
| સ્તુતિ પ્રિયા જહા | કુડાસણ સ્કુલ ઓફ અચિવર | ૪૭૩ |
| સંકલ્પ એસ આચાર્ય | ઈન્ફોસિટી જુ. સાયન્સ કોલેજ | ૪૭૩ |
| હીમાની પટેલ | કુડાસણ સ્કુલ ઓફ અચિવર | ૪૭૧ |
| હર્ષિલ એ પટેલ | ઈન્ફોસિટી જુ. સાયન્સ કોલેજ | ૪૭૦ |
| કોષા બી પટેલ | ઈન્ફોસિટી જુ. સાયન્સ કોલેજ | ૪૭૦ |
| ખુશી દોશી | કુડાસણ સ્કુલ ઓફ અચિવર | ૪૬૮ |
| તનુષ્કા શર્મા | કુડાસણ સ્કુલ ઓફ અચિવર | ૪૬૩ |
| અપુર્વ જી પટેલ | ઈન્ફોસિટી જુ.સાયન્સ કોલેજ | ૪૬૧ |
| હેતુ પટેલ | સહજાનંદ સ્કુલ ઓફ અચિવર | ૪૬૧ |
| હિમલ વાણિયા | કુડાસણ સ્કુલ ઓફ અચિવર | ૪૬૦ |
| જય પટેલ | સહજાનંદ સ્કુલ ઓફ અચિવર | ૪૬૦ |
| અભ્યર્થના કરીયા | કુડાસણ સ્કુલ ઓફ અચિવર | ૪૫૯ |
| મહીન એમ શાહ | ઈન્ફોસિટી જુ.સાયન્સ કોલેજ | ૪૫૯ |
| સલોની ધર્વા | સહજાનંદ સ્કુલ ઓફ અચિવર | ૪૫૫ |
| અદનાન આરિફ દંતોલીયા | વેદ ઈન્ટરનેશનલ સ્કુલ | ૪૫૪ |
| ભાવિક ચૌધરી | સહજાનંદ સ્કુલ ઓફ અચિવર | ૪૫૩ |
| દર્શિલ પટેલ | સહજાનંદ સ્કુલ ઓફ અચિવર | ૪૫૨ |
| દેવેશ સી પ્રજાપતિ | ઈન્ફોસિટી જુ.સાયન્સ કોલેજ | ૪૫૧ |
| પ્રાંજલ મહેન્દ્રભાઈ ચૌધરી | શેઠ સી એમ હાઈસ્કુલ | ---- |
| દેવાંશી રમેશ | ક્રિષ્ના સ્કુલ ઓફ સાયન્સ | ----- |

## ધોરણ-૧૧ વિજ્ઞાન પ્રવાહના પરિણામમાં ગાંધીનગર મોખરે

### શહેરના સૌથી વધુ ૨૨ વિદ્યાર્થીઓ એ-વન ગ્રેડમાં : જિલ્લામાંથી ૬૧૪૧ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી : જિલ્લાના ૨૩ વિદ્યાર્થીઓ એ વન ગ્રેડમાં : ચાંદખેડાનો એક અને કલોલ-માણસાના એકપણ વિદ્યાર્થીનો એ વન ગ્રેડમાં સમાવેશ નહી

ગાંધીનગર તા ૨૨

ગુજરાત ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ગત માર્ચ મહીનામાં લેવાયેલી ધોરણ ૧૧ સેમેસ્ટર ૨ ની પરિક્ષાનુ આજે પરિણામ જાહેર કરવામાં આવ્યુ હતુ. જિલ્લામાંથી નોંધાયેલા ૬૧૫૦ વિદ્યાર્થીઓ પૈકી ૬૧૪૧એ પરિક્ષા આપી હતી. જયારે ૨૩ વિદ્યાર્થીઓએ એ વન ગ્રેડ પ્રાપ્ત કર્યો છે. ગાંધીનગર કેન્દ્રમાંથી પણ ૪૩૪૭ વિદ્યાર્થીઓએ પરિક્ષા આપી હતી. જયારે ૨૨ વિદ્યાર્થીઓનો એ વન ગ્રેડમાં સમાવેશ થાય છે. ગાંધીનગર શહેરમાં તેજસ્વી વિદ્યાર્થીઓની સંખ્યા વિશેષ હોવાનુ ધ્યાને આવ્યુ છે. અન્ય કેન્દ્રોની સાપેક્ષમાં ગાંધીનગર કેન્દ્રનુ પરિણામ નોંધપાત્ર આવ્યુ છે.

ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાયેલી ધોરણ ૧૧ વિજ્ઞાન પ્રવાહ સેમેસ્ટર ૨ ની પરિક્ષામાં જિલ્લામાંથી ૯ વિદ્યાર્થીઓ ગેરહાજર રહયા હતા. જેમાં નોંધાયેલા વિદ્યાર્થીઓની સાપેક્ષમાં ૬૧૪૧એ આ કસોટી આપી હતી. જિલ્લામાંથી ૨૩ વિદ્યાર્થીઓએ એ વન ગ્રેડ પ્રાપ્ત કર્યો હતો. જયારે ૨૦૦ વિદ્યાર્થીઓને એ ટુ ગ્રેડ, ૪૫૧ ને બી વન ગ્રેડ, ૬૫૭ને બી ટુ ગ્રેડ, ૧૦૩૧ને સી વન ગ્રેડ, ૧૪૦૫ ને સી ટુ, ૧૧૬૫ને ડી ગ્રેડ મળ્યો છે. જયારે ૧૧૬૭ વિદ્યાર્થીઓ ઈ વન તેમજ ૪૧ વિદ્યાર્થીઓનો ઈ ટુ ગ્રેડમાં સમાવેશ થયો છે. ગાંધીનગર કેન્દ્રમાં સૌથી વધુ ૨૨ વિદ્યાર્થીઓને એ વન ગ્રેડમાં સ્થાન મળ્યુ છે. જયારે ૧૭૫ને એ ટુ, ૩૬૫ને બી વન, ૫૦૩ ને બી ટુ જયારે ૭૬૩ સી વન અને ૯૩૬ વિદ્યાર્થીઓનો સી ટુ કેટેગરીમાં સમાવેશ થયો છે. ચાંદખેડા કેન્દ્રમાંથી ૬૯૩ વિદ્યાર્થીઓએ પરિક્ષા આપી હતી. આ પૈકી માત્ર એક જ વિદ્યાર્થીને એ વન ગ્રેડ હાંસલ થયો છે. જયારે એ ટુમાં ૧૨ વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે. આ ઉપરાંત કલોલ કેન્દ્રમાંથી ૭૧૪ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. જયારે આ કેન્દ્રમાંથી એકપણ વિદ્યાર્થીને એ વન ગ્રેડ પ્રાપ્ત થયો નથી. જયારે માણસા કેન્દ્રમાંથી ૩૯૭ વિદ્યાર્થીઓ પૈકી ૨ વિદ્યાર્થીઓ એ ટુ ગ્રેડ મળ્યો છે.

જયારે એ વન ગ્રેડમાં એકપણ વિદ્યાર્થીને સ્થાન મળ્યુ નથી. કેન્દ્રવાર પરિણામની વાત કરીએ તો ગાંધીનગર કેન્દ્રનુ પરિણામ જિલ્લામાં સૌથી ઉંચુ હોવાનુ સ્પષ્ટ થયુ છે. જયારે સૌથી વધુ એ વન ગ્રેડ ધરાવતા વિદ્યાર્થીઓની સંખ્યા પણ વિશેષ છે. કલોલ અને માણસા કેન્દ્રમાં પણ એ વન ગ્રેડમાં એકપણ વિદ્યાર્થીઓને સ્થાન મળ્યુ નથી.

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ
કંપનીના અધિકૃત
વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
Kisan
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com